**<u>(શરૂ–૦૧:૦૩, પુર્ણ– ૦૧:૩૭ )</u>**
**<u>સોગંદ આપ્યા.....</u>**
**<u>વાદીના સાહેદ ખુશાલભાઈ મોહનભાઈ ચાવડાની આંક–પ૬ની સરતપાસ લગત પ્રતિવાદી તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, વિ.સી.જાની</u>**

(૧) મીઠાભાઈ મોહનભાઈ ચાવડા મારા સગા મોટાભાઈ થાય છે. હું પચ્ચીસ વર્ષથી અમદાવાદ રહુ છુ. એ વાત ખરી છે કે મારી ધનાળા મુકામે આવેલ ખેતીની જમીન સર્વે નં.૧૪૮ પૈકી જ્વાળી જમીનના રેવન્યુ રેકર્ડ મે જોયેલ છે અને હું તેનાથી વાકેફ છુ. એ વાત ખરી છે કે આ જમીન સુખાભાઈ મોહનભાઈ, મીઠાભાઈ મોહનભાઈ, મનજીભાઈ મોહનભાઈ અને ખુશાલભાઈ મોહનભાઈના નામે ચાલે છે. એ વાત ખરી છે કે દાવાવાળી ખેતીની જમીન મારા પિતાના નામે ચાલતી હતી. મારા પિતાજી વીસ વર્ષ અગાઉ ગુજરી જતા વારસાઈહકકે આ જમીન અમારા નામે ચાલે છે. એ વાત ખરી છે કે તા.૦૭/૦૯/૨૦૨૦ના રોજ દાવાવાળી તકરારી જમીન સુખાભાઈ મોહનભાઈ, મીઠાભાઈ મોહનભાઈ, મનજીભાઈ મોહનભાઈ અને ખુશાલભાઈ મોહનભાઈના નામે ચાલતી હતી અને દાવો એક વ્યકતીએ દાખલ કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સુખાભાઈ મોહનભાઈ, મનજીભાઈ મોહનભાઈ અને મારી સંમતીથી મીઠાભાઈ મોહનભાઈએ હાલનો દાવો દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે સુખાભાઈ મોહનભાઈ, મનજીભાઈ મોહનભાઈ અને મારી સંમતીથી મીઠાભાઈ મોહનભાઈએ હાલનો દાવો દાખલ કરેલ છે તે દર્શાવતી લેખીત સંમતી આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મીઠાભાઈ મોહનભાઈએ દાવો દાખલ કર્યો ત્યારે અમો સહીત બાકીના બે ભાઈઓના વાદીના દાવાના સમર્થનમા અમારા કોઈ સોગંદનામા રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામના વાદીએ કે સુખાભાઈ મોહનભાઈ, મનજીભાઈ મોહનભાઈ કે મે પોતે આજદિન સુધી આ દાવામા અમોને પક્ષકાર તરીકે જોડી દો, તેવી

દાદ માગતી અરજી દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે હાલની દાવાવાળી જમીન વારસાઈહકકે અમારા નામે આશરે છવ્વીસ વર્ષ અગાઉ આવેલ છે. એ વાત ખરી છે કે આ વીસ વર્ષના સમયગાળા દરમ્યાન અમારી કે પ્રતિવાદી વચ્ચે રસ્તા અંગે કોઈ તકરાર થયેલ નથી. એ વાત ખરી છે કે સર્વે નં.૧૪૮ પૈકી ૪ અને સર્વે નં.૧૪૮ પૈકી ૬વાળી જમીન વાદીની માલીકીની છે. મને એ વાતની ખબર નથી કે સર્વે નં.૧૪૫ પૈકી ૧વાળી જમીન પ્રતિવાદીની માલીકીની છે. એ વાત ખરી છે કે દાવાવાળી જમીનનો બધો જ વહીવટ મીઠાભાઈ મોહનભાઈ સંભાળે છે. એ વાત ખરી છે કે અમારી માલીકીની જમીન અને પ્રતિવાદીની માલીકીની જમીન અલગ અલગ જગ્યાએ આવેલ છે. મને એ વાતની ખબર નથી કે પ્રતિવાદીની માલીકીની સર્વે નં.૧૪૫ પૈકી ૧વાળી જમીન સને ૧૯૫૮થી પ્રતિવાદીના નામે ચાલતી હતી. એ વાત ખરી નથી કે અમારી દાવાવાળી જમીન તથા પ્રતિવાદીની જમીનના રસ્તે પ્રતિવાદીની માલીકીનુ કોઈ ખેતર આવેલ નથી. એ વાત ખરી છે કે મે દાવાઅરજી વાંચેલ છે અને દાવાઅરજીની દાદની પણ મને જાણકારી છે. મને એ વાતની ખબર નથી કે દાવામા પ્રતિવાદીની માલીકીની જમીનનો સર્વે નં.૧૪૫ બતાવેલ છે. એ વાત ખરી છે કે અમારી જમીનને અડીને શેઢે પ્રતિવાદીની કોઈ જમીન આવેલ નથી. એ વાત ખરી છે કે આ દાવો દાખલ થયા અગાઉ મામલતદારમા રસ્તા અંગે કોઈ તકરાર ચાલેલ નથી, સીધા કોર્ટમા હાલનો દાવો લઈને આવેલ છીએ. એ વાત ખરી છે કે હાલનો દાવો દાખલ થયા બાદ મારા ભાઈ મીઠાભાઈએ પ્રતિવાદી ઉપર એટ્રોસીટીનો કેસ દાખલ કરેલો. એ વાત ખરી છે કે અમારી જમીનના પડોશી લક્ષ્મણ ગંગારામ છે. એ વાત ખરી છે કે અમારી જમીનની બાજુમા વોંકળાના પાણીનુ વહેણ જાય છે. એ વાત ખરી નથી કે અમે તથા લક્ષ્મણભાઈ ગંગારામભાઈ પાણીનુ વહેણ જાય છે ત્યાંથી ચાલીએ છીએ. એ વાતની મને ખબર નથી કે સર્વે નં.૧૪૮ પૈકી ૪ અને સર્વે નં.૧૪૮ પૈકી ૬વાળી જમીનની અત્યારે શું સ્થીતી છે. મને એ વાતની ખબર નથી કે મારા

ભાઈનુ કહેવુ છે કે, દાવાવાળી ખેતીની જમીન વિનુભાઈ ગોરધનભાઈને ચોથા ભાગે ખેડવા માટે આપેલ છે. એ વાત ખરી છે કે દાવાવાળી ખેતીની જમીન મારા ભાઈ મીઠાભાઈએ અમને પુછયા વગર વિનુભાઈ ગોરધનભાઈને ચોથા ભાગે ખેડવા માટે આપેલ છે. એ વાત ખરી છે કે વિનુભાઈ ગોરધનભાઈ કયા રસ્તે ચાલે છે તેની મને ખબર નથી.

સવાલ:– તમે કેટલા વર્ષથી તમારી વાડીએ નથી ગયા?

જવાબ:– રસ્તો બંધ થયા પછી હું નથી ગયો.

એ વાત ખરી છે કે અમારી જમીનમા જવા માટે મારા ભાઈ મીઠાભાઈ કે વિનુભાઈ ગોરધનભાઈ કયા રસ્તે ચાલે છે તેની મને ખબર નથી.

ફેરતપાસ નથી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૬/૦૨/૨૦૨૬.

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ